પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૨૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૮-૦૫-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

આસામમાં પુરના કારણે જનજીવન ઠપ્પ : પુરના પાણીમાં રેલ્વે ટ્રેક તણાયા, હજારો લોકોનું રેસ્ક્યુ કરાયું

ગોવાહાટી,

આસામમાં સતત થઈ રહેલા વરસાદના કારણે કેટલાય વિસ્તારોમાં ભારે પુર અને ભૂસ્ખલનથી સામાન્ય જનજીવન ઠપ્પ થઈ ગયું છે. રાજ્યમાં લગભગ ૨૦ જિલ્લામાં ૧.૯૭ લાખ લોકો તેનાથી પ્રભાવિત થયા છે. આસામ અને પાડોશી રાજ્યો મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં પણ છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલા વરસાદના કારણે નદીમાં પાણીનું સ્તર વધી ગયું છે અને કોપિલી નદીમાં પાણી ખતરાના નિશાનથી ઉપર જઈ રહ્યું છે. આસામમાં ભારે વરસાદના અને ભૂસ્ખલનના કારણે દીમા હસાઓ જિલ્લાના હાફલોંગ સ્ટેશન પાણીમાં ડૂબી ગયું છે. પુરથી આ સ્ટેશનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, કેવી રીતે પુરના પાણથી રેલ્વેના પાટા પલ્ટાઈ ગયા. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના રિપોર્ટ અનુસાર એકલા કછાલમાં ૫૧,૩૫૭ લોકો પ્રભાવિત થયા છે. વર્ષનો પ્રથમ વરસાદ હોવાના કારણે ૪૬ તાલુકાના ૬૫૨ ગામડા પ્રભાવિત થયા છે અને પુરના પાણીથી ૧૬,૬૪૫.૬ હેક્ટર પાક બરબાદ થઈ ગયો છે. પુરથી પ્રભાવિત વિસ્તારોમાં મદદ માટે સરકારે ભારતીય સેના, અર્ધ સૈનિક દળ, ફાયર અને ઈમરજન્સી સેવાઓ, એસડીઆરએફ, નાગરિક પ્રાશાસન અને પ્રશિક્ષિત લોકોને રેસ્ક્યૂ માટે તૈનાત કર્યા છે. લોકોને પુરથી પ્રભાવિત વિસ્તારમાંથી કાઢીને રાહત કેમ્પમાં લઈ જવામાં આવ્યા છે.

બ્રહ્મપુત્ર નદીનું જળસ્તર જોરહાટ જિલ્લાના નીમિતઘાટ અને નાગાંવ જિલ્લાના કામપુર ક્ષેત્રની કોપિલી નદીમાં ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે. નાગાંવ જિલ્લાના કામપુર વિસ્તારમાં પૂરની સ્થિતિને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ન્યૂ કુજંગ, ફિયાંગપુઇ, મૌલહોઈ, નામજુરંગ, દક્ષિણ બગેતર, મહાદેવ ટીલા,કાલીવાડી, ઉત્તરી બગેતર, સિયોન અને લોદી પંગમૌલ ગામમાં ભૂસ્ખલનની સૂચના મળી હતી. ભારે ભૂસ્ખલન અને સતત વરસાદને પગલે પાટા ઉપર પાણી ભરાઈ જવાને કારણે આસામના લુમડિંગ- બદરપુરના પહાડી ખંડ વિસ્તારમાં ફસાયેલી બે ટ્રેનમાં ૨૮૦૦ મુસાફરોને કાઢવામાં આવ્યા. હતા આ બચાવ કાર્ય માટે વાયુ સેના અને અન્ય એજન્સીઓની મદદથી કરવામાં આવ્યા હતા. પૂર્વોત્તર સીમાંત રેલ્વેના પ્રવક્તાએ જાણકારી આપી હતી કે મુસાફરોને વાયુસેના દ્વારા સુરક્ષિત કાઢવામાં આવ્યા હતા. કારણ કે શનિવારથી સતત થઈ રહેલા વરસાદને પગલે બચાવ કાર્યમાં અવરોધ આવ્યો હતો.

એનએફઆરના પ્રવક્તાએ ગુવાહાટીમાં કહ્યું હતું કે પ્રભાવિત ક્ષેત્રમાં શનિવારથી ખંડની નજીક ૧૮ ટ્રેન રદ કરવામાં આવી છે અને ૧૦થી વધુ ટ્રેનને કેટલાક સમય માટે રદ કરવામાં આવી છે. સતત વરસાદ હોવા છતાં પાટાનું સમારકામ પણ ચાલું છે. દીમા હસાઓ જિલ્લાના મુખ્યમથક હાફલોંગના અહેવાલમાં જણાવાયું છે કે ન્યૂ હાફલોંગ રેલ્વે સ્ટેશનનો મોટા ભાગનો હિસ્સો પાણીમાં ડૂબી ગયો છે અને ત્યાં ફસાઈ ગયેલી ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ છે. સતત વરસાદ અને ભૂસ્ખલનને પગલે ઘણા સ્થળે રોડ રસ્તા ધોવાઈ જતા સ્થાનિક લોકોનો સંપર્ક પણ તૂટી ગયો છે. સરકાર દ્વારા રાહત અને બચાવ માટે ભારતીય સેના , અર્ધસૈનિક દળો, ફાયર તથા એસડીઆરએફ અને તાલીમબદ્ધ સ્વયંસેવકને પણ તૈનાત કરવામાં આવ્યા છે. હાલમાં આસામમાં અતિશય વરસાદ થઈ રહ્યો છે જ્યારે દેશના અન્ય ભાગોમાં લોકો તીવ્ર ગરમીનો માર સહન કરી રહ્યા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના રિપોર્ટ અનુસાર એકલા કાછલમાં ૫૧,૩૫૭ લોકો પ્રભાવિત થયા છે. પૂરને કારણે ૪૬ મહેસૂલ વિભાગના ૬૫૨ ગામો પ્રભાવિત થયા છે અને ૧૬,૬૪૫.૬૧ હેક્ટર પાકની જમીન પૂરના પાણીથી ધાવાઈ જતા ભારે નુકસાન થયું છે.

આસામમાં અવિરત વરસાદને કારણે વિવિધ વિસ્તારોમાંથી પૂરની ચિંતાજનક તસવીરો સામે આવી છે. આસામના નાગાંવમાં વરસાદને કારણે પૂરની સ્થિતિ છે. નાગાંવના કામપુરના ઘણા વિસ્તારોમાં વરસાદ બાદ બધે પાણી જ પાણી દેખાય છે.

દરમિયાન મોસમ વિભાગે કેરળમાં ચોમાસું તેના સમય કરતાં પાંચ દિવસ અગાઉ પ્રવેશે તેવી આગાહી કરી છે. આ અઠવાડિયે જ ઉત્તરાખંડ, મેઘાલય, આસામ અને કેરળમાં વરસાદ પડવાનું અનુમાન છે. બીજી બાજુ રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતમાં આકરી ગરમી અને લૂના પ્રકોપ વચ્ચે અનેક વિસ્તારોમાં તાપમાન ૪૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. યુપીના બાંદામાં પણ તાપમાન ૪૯ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. જોકે દિલ્હીમાં આજે સવારથી જ મોસમનો મિજાજ ફરી ગયો છે. રાજધાની દિલ્હી અને એનસીઆરમાં વાદળ છવાયા છે. આ વિસ્તારોમાં પણ ભારે પવન સાથે આંધી અને વરસાદ પડી શકે છે.

ધો.૧૦નું આવતા અઠવાડિયે પરિણામ જાહેર થશે

ગાંધીનગર,

ગુજરાત બોર્ડ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરિણામની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. કારણ કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ટૂંક સમયમાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવા જઈ રહ્યું છે.એવી સંભાવના છે કે આ પરિણામ બોર્ડ આવતા અઠવાડિયે જાહેર કરશે. એ યાદ રહે કે ગુજરાત બોર્ડ દ્વારા ૨૮ માર્ચથી ૦૯ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન દસમાની પરીક્ષાઓ લેવામાં આવી હતી.

હકીકતમાં રિપોર્ટ્સ અનુસાર, તે ૨૦ મે થી ૨૬ મે સુધી ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવાની યોજના બનાવી રહ્યું છે. જણાવવામાં આવી રહ્યું છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડે ૧૦માનું પરિણામ જાહેર કરવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. બસ બોર્ડ મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ કરવાના છેલ્લા તબક્કામાં છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડે ધોરણ ૧૨નું પરિણામ જાહેર કરી દીધું છે. બોર્ડ દ્વારા ૧૨મી એટલે કે એચએસસીનું પરિણામ ૧૨મી મે ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. ઘણીવાર એવું જોવા મળે છે કે ૧૨માના પરિણામના ૧૫ દિવસમાં બોર્ડ ૧૦માનું પરિણામ જાહેર કરી દે છે. આ મુજબ ૧૦નું પરિણામ ૨૬ કે ૨૮ મે સુધીમાં આવી શકે છે. જોકે, પરિણામની તારીખ અંગે બોર્ડ દ્વારા કોઈ માહિતી જારી કરવામાં આવી નથી.

પંજાબમાં આપ સરકારની વિરૂધ્ધ કોંગ્રેસ ટૂંક સમયમાં રાજ્યવ્યાપી પ્રચાર શરૂ કરશે

ચંડીગઢ,

પંજાબ કોંગ્રેસે કહ્યું કે તે ટૂંક સમયમાં આમ આદમી પાર્ટીના નેતૃત્વવાળી રાજ્ય સરકારનું ધ્યાન પ્રારંભિક ગેરસમજમાંથી વાસ્તવિકતા તરફ વાળવા માટે રાજયવ્યાપી અભિયાન શરૂ કરશે. આ સાથે કોંગ્રેસ આપને તેના ચૂંટણી પહેલાના વચનોની યાદ અપાવશે. કોંગ્રેસ પાર્ટીના તમામ મેયર, સિનિયર ડેપ્યુટી મેયર અને ડેપ્યુટી મેયરોની બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ કોંગ્રેસના પ્રદેશ એકમના કાર્યકારી પ્રમુખ ભારત ભૂષણ આશુએ દાવો કર્યો હતો કે લોકો આ સરકારથી નારાજ છે. કોંગ્રેસના એક નિવેદન અનુસાર, તેમણે આપ સરકાર પર ખોખલી વાતો સિવાય કશું જ કરવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસની બેઠક વિશે આશુએ કહ્યું હતું કે પાર્ટી તેના તમામ મેયર, વરિષ્ઠ ડેપ્યુટી મેયર અને ડેપ્યુટી મેયર પાસેથી રાજ્યની સ્થિતિ, ખાસ કરીને તેના શહેરોની સ્થિતિ વિશે પ્રતિક્રિયા લેવા માંગે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ ટૂંક સમયમાં રાજ્ય સરકારનું ધ્યાન પ્રારંભિક ગેરસમજમાંથી વાસ્તવિકતા તરફ લાવવા માટે રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરશે. આ પહેલીવાર નથી જ્યારે કોંગ્રેસ આપ પર આ પ્રકારના આરોપો લગાવી રહી છે, આ પહેલા પણ કોંગ્રેસ ઘણા મુદ્દાઓને લઈને પંજાબની ભગવંત માન સરકાર પર પ્રહાર કરી ચૂકી છે.

મોંઘવારીથી બચવા મોદી સરકાર ૬૦ જેટલી કંપનીઓ ખાનગી હાથમાં સોંપશે

નવીદિલ્હી,

ખાતર, કપડા, રસાયણ અને પેટ્રોકેમિકલ, ફાર્માસ્યૂટિકલ્સ અને વાણિજ્ય મંત્રાલયો અંતર્ગત ૬૦ કેન્દ્રીય સાર્વજનિક ક્ષેત્રના ઉદ્યમોના ખાનગીકરણ અથવા તો બંધ કરવા માટેની લિસ્ટ તૈયાર થવાની સંભવાના છે.તેના માટે સરકારે બિન રણનીતિક ક્ષેત્રોમાં ઉદ્યમ નીતિ લાગૂ કરવાની તૈયારી કરી રહી છે. આ મામલા સાથે જોડાયેલા સૂત્રોનું કહેવુ છે કે, બિન રણનીતિક ક્ષેત્રમાં લગભગ ૧૭૫ સીપીએસઈ છે, જેમાંથી ૧/૩ અંતતઃ બંધ થઈ જશે અને બાકીના એકમોનું ખાનગીકરણ કરી દેવામાં આવશે. જ્યારે અમુક બિન લાભકારી કંપનીઓને સાર્વજનિક ક્ષેત્રમાં રાખવામાં આવશે. નીતિ આયોગ, સાર્વજનિક ઉદ્યમ વિભાગ અને પ્રશાસનિક મંત્રાલયોના અધિકારીઓનું એક ગ્રુપ આ કંપનીઓની ઓળખાણ કરી રહ્યા છે. જેનું સાર્વજનિક ઉપક્રમ નીતિ અનુસાર ખાનગીકરણ અથવા બંધ કરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રણનીતિક ક્ષેત્રને નીતિનું અનાવરણ કરવામાં આવ્યું છે, જેમાં કહેવાયું છે કે, સરકારની ચાર વ્યાપક ક્ષેત્રોમાં ન્યૂનત્તમ ઉપસ્થિતિ છે. જ્યારે બાકીનુ ખાનગીકરણ અથવા વિલય અથવા બંધ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મદ્રાસ ફર્ટિલાઈઝર્સ અને નેશનલ ફર્ટિલાઈઝર્સ સહિત ખાતર મંત્રાલય અંતર્ગત તમામ નવ સીપીએસઈનું ખાનગીકરણ કરવાની સંભાવના છે. દેશ દ્વારા મોટા પાયે ખાતર આયાતને જોતા સરકારે હાલના વર્ષોમાં ઘરેલૂ ઉત્પાદનને વધારવાની કોશિશ કરી રહ્યું છે અને આ કંપનીઓ ઉત્પાદનો માટે કેપ્ટિવ બજારને જોતા ખાનગી ક્ષેત્ર માટે આકર્ષક હોય છે. કપડા મંત્રાલય અંતર્ગત આવતી સીપીએસઈની વચ્ચે, કેન્દ્ર બીમાર નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશનને બંધ કરવા માટે જશે, જેમાં અપ્રચલિત ટેકનિકવાળી ૨૩ મિલો છે. વાણિજ્ય મંત્રાલય અંતર્ગત આવતી બે વેપારી કંપનીઓ બંધ થશે, કારણ કે તેમના વ્યવસાય વર્ષોથી અવ્યવહારિક થઈ જશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

ફરજ દરમિયાન ગેરહાજર રહેનાર કડાણા સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડો. હરિશકુમાર ખાટાની તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવામાં આવી

લુણાવાડા, મહીસાગર જિલ્લાના કડાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે માસિક ફિકસ વેતનમાં કરારીય તબીબી અધિકારી, વર્ગ–૨ તરીકે ડો. હરિશકુમાર દલપતભાઇ ખાટા કે જેઓને નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓ ત્વરિત મળી રહે અને સારવાર અર્થે આવતાં દર્દીઓને ત્વરિત સારવાર મળી રહે તે માટે નિમણુંક આપવામાં આવી હતી. પરંતુ ડો. ખાટા ફરજ દરમિયાન ગેરહાજર રહેતા હતા. જેના કારણે દર્દીઓને હાલાકી ભોગવવી પડતી હતી અને ડો. ખાટાની સતત ગેરહાજરીને લઇને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી.

તાજેતરમાં કડાણાના એક દર્દીને ૧૦૮ મારફતે સારવાર માટે કડાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ડો. હરીશ ખાટા ફરજ પરથી ગેરહાજર હોવાની વિગત રાજય કક્ષાના આરોગ્ય મંત્રી ડો. નિમિષાબેન સુથારને તથા જીલ્લા વિકાસ અધિકારી મહીસાગર કે.ડી લાખાણી ને થતા તુરંત નજીક ના પ્રાથમિક આરોગ્ય કેંદ્ર મુનપુરથી મેડીકલ ઑફીસરની વ્યવસ્થા કરવામાં આવી અને ફરજ પરના તબીબ ની ગેરહાજરી તથા ફરજમાં બેદરકારી દાખવનાર સામે જરૂરી કાર્યવાહી કરવા માટે જીલ્લા વિકાસ અધિકારી મહીસાગર દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો કે કે પરમાર ને સુચના આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ આ અંગેનો વિગતવાર અહેવાલ તૈયાર કરી જિલ્લા વિકાસ અધિકારી ને સુપ્રત કર્યો હતો.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પરમારના અહેવાલના આધારે જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી દ્વારા કડાણા સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડો.હરિશકુમાર ખાટા સામે કડક કાર્યવાહી કરવાનો અહેવાલ ગાંધીનગરની આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ને મોકલી આપવામાં આવતાં ગાંધીનગરના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ના ચીફ પર્સોનલ ઓફિસરએ મહીસાગર જિલ્લાના કડાણા ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં માસિક ફિક્સ વેતનમાં કરારીય તબીબી અધિકારી, વર્ગ–૨ તરીકે નિમણૂંક આપવામાં આવેલ ડો. હરિશકુમાર દલપતભાઇ ખાટાની કરારીય સેવા તાત્કાલિક અસરથી સમાપ્ત કરવાનો આદેશ જારી કરીને તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે.

આમ, ફરજમાં ગેરહાજર અને બેદરકારી દાખવાનાર ડો.હરિશકુમાર ખાટાની સેવાઓ સમાપ્ત કરીને રાજય સરકાર, આરોગ્ય વિભાગ અને જિલ્લા વહીવટીતંત્રએ સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે, ફરજમાં ગેરહાજર અને બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે અને જો ફરજમાં ગેરહાજરી અને બેદરકારી દાખવવામાં આવશે તો તેઓની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

કડાણાના તાલુકા પંચાયત કચેરીમાં સોમવારે કચેરીમાં કર્મચારીઓ હાજર નહિ રહી ચલાવાતી લાલિયાવાડી

દિવડાકોલોની, કડાણા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓ ફરજ પ્રત્યે બેદરકારી દાખવી અણઘડ વહીવટ ચલાવી રહ્યા હોવાની ફરિયાદો અવાર નવાર ઉઠવા પામી હતી ત્યારે સોમવારે કામ અર્થે આવેલા લોકોએ ૧૨ વાગ્યા સુધી કચેરી ઉપર લટકતા તાળા જોઈ રોષે ભરાયા હતા. અને આવા અનિયમિત કર્મચારીઓની લાલિયાવાડી ચલાવી ન લેવા સ્થળ પર હાજર પ્રમુખને આકરા શબ્દોમાં રજુઆત કરવામાં આવી હતી અને આ બાબતે તાલુકા વિકાસ અધિકારીનુ પણ ધ્યાન દોરવા જણાવતા માહોલ ગરમાયો હતો. કડાણા તાલુકા પંચાયત કચેરી ખાતે શનિવાર–રવિવારની રજા બાદ સોમવારે બપોરના ૧૨ વાગ્યા સુધી કચેરીમાં માત્ર હિસાબી શાખામાં કર્મચારી હાજર હોય ત્યારે અન્ય વિભાગોમાં ઓફિસ આગળ તાળા જોવા મળ્યા હતા ત્યારે કચેરીમાં કર્મચારીઓ ન હોવા છતાં લાઇટ–પંખા ચાલુ હોવાનુ પણ સામે આવ્યુ હતુ. ત્યારે તાલુકા પંચાયત કચેરીમાં કર્મચારીઓની અનિયમિતતાને લઈ અરજદારોને અવાર નવાર ધકકો ખાવાનો વારો આવતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જયાં આ સમયે કડાણા તાલુકા મંડળ(ભાજપ)પ્રમુખ અને સરપંચ સંઘ પ્રમુખ હાજર રહેતા કર્મચારીઓની ગેરહાજરી આંખે ઉડીને સામે આવી હતી. અને આ બાબતે લોકોએ પ્રમુખ અંબાલાલ પટેલ અને સરપંચ સંઘના પ્રમુખ વેચાતભાઈ વાગડીયાને ઘેરાવ કરી રજુઆત કરવામાં આવી હતી. જયારે હાજર પ્રમુખ દ્વારા તાત્કાલિક તાલુકા વિકાસ અધિકારીને ફોન કરતા તેઓ પ્રાંત કચેરી ખાતે મિટીંગમાં હોવાનુ જણાવ્યુ હતુ. અને અન્ય કર્મચારીઓ કેમ નથી પહોંચ્યા તે અંગે તપાસ કરી જણાવવા કહ્યુ હતુ. ત્યારે આવા કર્મચારીઓની અનિયમિતતા સામે લગામ રાખી પ્રજાના કામો નિયમિત થાય તેમજ ગુલ્લીબાજ કર્મચારીઓ સામે પગલા લેવામાં આવે અને કચેરીમાં કામ અર્થે આવતા લોકોના કામ વ્યવસ્થિત રીતે પાર પડે તે માટે બંને પ્રમુખ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ કરી સુચના આપવામાં આવી હતી.

મહીસાગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય (વિધવા સહાય) ચાલુ હોય તેમને વિધવા સહાય યોજના માટે હયાતીની ખરાઈ કરવા તાકીદ

લુણાવાડા, વિધવા સહાય યોજનામાં દર મહિને રૂ.૧,૨૫૦ની સહાય ચુકવવામાં આવી રહી છે. દર વર્ષે ગંગા સ્વરૂપા બહેનોની હયાતીની ખરાઈ કરવાની થાય છે. મહીસાગર જિલ્લામાં હાલમાં જે બહેનોને ગંગા સ્વરૂપા આર્થિક સહાય (વિધવા સહાય) ચાલુ હોય તેમને પોતાની હયાતીની ખાતરી કરાવવાની ફરજિયાત હોય છે. જેના માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી સહાય મેળવતા લાભાર્થીની ખરાઈની કામગીરી ચાલુ હોવાથી ખરાઈ કરાવી લેવા તાકીદ કરાઈ છે.

આમ જે પણ બહેનોની મોબાઈલ એપ્લિકેશન દ્વારા હયાતીની ખરાઈ બાકી હોય તેમણે ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્ર ખાતે મુખ્ય સેવિકા બહેન મારફતે, તાલુકા કક્ષાએ મામલતદાર કચેરી ખાતે ગંગા સ્વરૂપા યોજનાની કામગીરી સંભાળતા કોમ્પ્યુટર ઓપરેટર મારફતે અને જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારીની કચેરી, મહીસાગર (લુણાવાડા) ખાતે રૂબરૂ જઈને લાઈવ(Live) ફોટો પડાવીને મોબાઈલ એપમાં વેરિફિકેશન કરાવી લેવાનું રહેશે. સદર ખરાઈ કરાવવા લાભાર્થીએ આધારકાર્ડની નકલ(જેના પર મોબાઈલ નંબર લખવો) અને પુનઃલગ્ન નથી કર્યાનો દાખલો લઈને જવાનું રહેશે. સદર વેરિફિકેશન તા–૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં કરાવી લેવાનું રહેશે. આ બાબતે વધુ માહિતી માટે મહિલા અને બાળ અધિકારીની કચેરી, મહીસાગર લુણાવાડા, રૂમ નં–૨૧૬, બીજો માળ, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન–૧ લુણાવાડા ખાતે અથવા ૦૨૬૭૪–૨૫૦૧૮૧ પર સંપર્ક કરવાનો રહેશે, તેમ મહિલા અને બાળ અધિકારીની કચેરી, લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાવાગઢ નિજ મંદિરના શિખર પર સોનાના કળશ પ્રસ્થાપિત કરાયા

તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, યાત્રાધામ અને શક્તિપીઠ પાવગઢ ખાતે હાલ નવીનીકરણ અને વિકાસનું કાર્ય અંતિમ તબક્કામાં છે. ત્યારે મહાકાળી નિજ મંદિર ઉપર ઈતિહાસમાં પ્રથમ વખત સોનાના કળશ પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. જે હાલ ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

શક્તિપીઠ પાવગઢ ખાતે મહાકાળી મંદિરનું નવીન મંદિર બન્યા બાદ મંદિરની ટોચ પર આવેલ મુખ્ય શિખર પર સોનાના આઠ કળશની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. મંદિરના શિખરનું કામ પૂર્ણ થતાં દાતાઓ તરફથી મળેલ સોના દાનમાંથી પ્રથમવાર મંદિરના મુખ્ય શિખર સહિત કુલ ૮ શિખરો પર સોનાના ઢોળ ચઢાવેલ કળશની પૂજા વિધી કરી સ્થાપના કરવામાં આવી છે. કુલ ૧૩ કળશ માંથી મંદિરના મુખ્ય શિખર પર ૬ ફૂટનો એક કળશ અને ધ્વજા દંડ પર ૧.૫૦ કિ.ગ્રા.નો સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો. મંદિરના અન્ય ૨ ફૂટ ના ૭ શિખરો પર પણ સોનાનો ઢોળ ચઢાવી કળશ સ્થાપીત કરવામાં આવ્યા હતા. આ કળશો હાલ પાવગઢ મંદિરની શોભા વધારી રહ્યા છે અને ભક્તોમાં પણ આકર્ષક ઉભું કરી રહ્યા છે.

હાલ નિજ મંદિર પર ૨ ફૂટના એક કળશ પર ૨૦૦ ગ્રામ લેખે ૭ નાના કળશ પર રૂ.૭ કરોડના ૧.૪ કિ.ગ્રા. સોનાનો ઢોળ ચઢાવી પૂજા અર્ચના કરી મંદિરના નાના શિખરો પર સ્થાપિત કરાતાં માતાજીનું મંદિર પર પ્રથમવાર સોનાના કળશથી સુશોભિત થયું હતું. પાવાગઢ મંદિર પર દાતાઓ તરફથી દાનથી મળેલા રૂા.૧૪.૫૦ કરોડના ૨.૯૦૦ કિ.ગ્રા સોનાનો ઉપયોગ કરીને નવીન બનેલા મંદિર પર સોનાના ઢોળ ચઢાવેલા ૮ કળશ સ્થાપિત થતાં મહાકાળી માતાજીનું મંદિર ઈતિહાસમાં પ્રથમવાર શિખર બધ્ધ બન્યું છે.

શહેરામાં કાળઝાળ ગરમીથી બચવા વેપારીઓ દ્વારા બજારોમાં લીલી નેટ બાંધવામાં આવી

શહેરા, શહેરામાં હાલ ઉનાળાની સીઝન ચાલતી હોવાથી કાળઝાળ ગરમીમાં લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ત્યારે હાલ લગ્નસરાની સીઝનમાં વેપારીઓ પોતે તેમજ ગ્રાહકોને આકરા તાપથી બચાવવા બજારોમાં લીલી નેટ બાંધી છાંયડાની વ્યવસ્થા કરી રહ્યા છે. તો આકાશમાંથી વરસતા અગન જ્વાળાથી બચવા માટે પાથરણા અને લારીવાળા પણ છત્રી અને કાપડ બાંધીને છાયડો મેળવીને વેપાર કરી રહ્યા છે. એક તરફ અંગ દઝાડી દે તેવી ગરમીએ જોર પકડ્યુ છે. તો બીજી તરફ લગ્નસરાની સીઝન ચાલતી હોવાથી ગરમી કે તાપની પરવા કર્યા વિના લોકો કાપડ, ફૂટવેર અને કંગન સહિતની દુકાનોમાં ખરીદી કરતા જોવા મળતા હોય છે. જેને લઈને નગરના મેઈન બજાર, બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારના વેપારીઓ દ્વારા છત્રી તેમજ લીલી નેટ (કાપડ) બાંધી છાયડાની વ્યવસ્થા કરતા વેપારીઓ અને ગ્રાહકો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે.

દાહોદ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા સંચાલક મંડળોની મળેલી બેઠક

લીમખેડા, લીમખેડામાં દાહોદ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સંચાલક મંડળોની મળેલ બેઠકમાં છેલ્લા ૧૦ વર્ષથી શાળામાં ગ્રંથપાલ, કલાર્ક, તેમજ ચિત્રકલા, સંગીત અને વ્યાયામના શિક્ષકોની ભરતી કરવા માટે સરકારમાં રજુઆત માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલક મંડળના લીમખેડા તાલુકા ઘટક સંઘની બેઠક મળી હતી. શાળાઓમાં ખાલી પડેલી ચિત્રકલા, સંગીત તેમજ વ્યાયામના શિક્ષકોની ભરતી કરવા માટેની સરકારમાં રજુઆત કરવાની વ્યુહરચના ઘડવામાં આવી હતી. આ ઉપરાંત શાળાઓમાં ગ્રંથપાલ તેમજ કલાર્કની પણ જગ્યાઓ પણ ખાલી પડી છે. અમુક શાળાઓમાં તો આચાર્યોની ભરતી પણ કરવામાં આવી નથી. આ ઉપરાંત રાજયની બોર્ડર પરના વિસ્તારોમાં આવેલી ધો–૯ થી ૧૦ અને ધો–૧૧ થી ૧૨ની શાળાઓ સરકારના નિતી નિયમો પ્રમાણે તથા ભૌતિક સુવિધાથી પુર્ણ હોય તેવી શાળાઓને ખાસ કિસ્સામાં ગ્રાન્ટેડ કરવા ઉપરાંત ટી.એસ.પી.ની ગ્રાન્ટમાંથી શાળાના બાંધકામ તેમજ વિજ્ઞાનના સાધનો અને રમત–ગમતના સાધનોની સહાય આપવા માટેની પણ રજુઆત કરવામાં આવી છે.

આદિવાસી પરિવારના સ્થાપના દિન નિમિત્તે દાહોદ જીલ્લા અને તાલુકા મથકોએ રેલી યોજાઈ

દાહોદ, આદિવાસી પરિવારના સ્થાપના દિન નિમિત્તે જિલ્લાના તાલુકા મથક ઉપર સાંસ્કૃતિક મહારેલી યોજાઇ રેલીનો શરૂઆત ગોધરા રોડ તાત્યા ભીલ વગડા થી નીકળી દેસાઈ વાળ નાકા, ભગિની સમાજ, ચાદગાર ચોક, સર્કિટ હાઉસ, સરસ્વતી સંકુલ, ચાર થાંભલા, થઈ સ્વામી વિવેકાનંદ ચોક પર પૂર્ણ કરવામાં આવી.

રેલીનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી પરિવારના આઠમાં વર્ષે મંગલ પ્રવેશ નિમિત્તે કલજીની સરસવાણી ગામે આધુનિક બિરસા ભવરલાલ પરમાર સવારે મહાસંમેલનને સંબોધશે.

આદિવાસી પરિવારના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે દાહોદ જિલ્લાના તાલુકા મથકો પર આદિવાસી સમાજના નવ યુવાનો દ્વારા સાંસ્કૃતિક મહારેલી નીકળી આ રેલીમાં ઉપસ્થિત યુવાનો રેલી પૂર્ણ થતા સાંજના સમયે ઝાલોદ તાલુકાના કલજીની સરસવાણી ગામે પહોંચી સભા સ્વરૂપે ભેગા થશે. ૧૭ની રાત્રે અને સવારે ૧૮મી મેના રોજ આધુનિક બિરસા મનાતા ભવરલાલ પરમારના અધ્યક્ષ સ્થાને મહા સંમેલન સવારે ૧૮મીના રોજ યોજાશે.

''આદિવાસી પરિવાર'' ના સ્થાપના ને આજરોજ સાત વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ૧૮મી મેના રોજ આઠમા વર્ષે મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આદિવાસી પરિવાર ના સ્થાપનાદિનની આદિવાસી સમાજ દ્વારા ભવ્ય ઉજવણી થઈ રહી છે આ પ્રસંગે દાહોદ જિલ્લાના તમામ તાલુકા મથક પર સાંસ્કૃતિક રેલી યોજવામાં આવનાર છે. આ સાંસ્કૃતિક રેલીમાં મહિલા યુવાનો અને વૃદ્ધો આદિવાસી વાજિંત્રો સાથે ધામધૂમ પૂર્વક ઉજવણી કરશે, ત્યારબાદ તાલુકા મથકે રેલીમાં જોડાયેલા તમામ લોકો સાંજે ઝાલોદ તાલુકાના કલજીની સરસવણી ગામે આવેલા જોહાર મેદાનમાં એકત્ર થશે. ''આદિવાસી પરિવાર'' સંગઠનના આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આદિવાસી સમાજના આધુનિક બિરસા એવા ભવરલાલ પરમારના અધ્યક્ષ સ્થાને સંમેલન યોજાશે. આ સભામાં આદિવાસીઓની રૂઢી, પરંપરા, સંસ્કૃતિ, વારસો, હક, અધિકાર જાણવા અને પર્યોવરણ નૈ જાળવવા માટે, આદિવાસીપણુ બચાવવા સહિતની વિવિધ ચર્ચાઓ થનાર છે. તેમજ મધ્યપ્રદેશ રાજસ્થાન મહારાષ્ટ્ર થી પણ મહાનુભવો ઉપસ્થિત રહેનાર છે. આ મહાસંમેલનમાં સહપરિવાર સાથે સહભાગી બની આદિવાસી હોવાનું ગૌરવ લેશો, આવો સૌ સાથે મળે આપણાં આદિવાસીત્વ ને બચાવવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે આદિવાસી પરિવારે આહવાન કર્યું છે.

દાહોદ ખાતે જૈન સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત જૈન પ્રીમિયર લીગ મેચમાં અભિમન્યુ ઈલેવન જીત્યુ અરિહંત વોરિયર્સ સેકન્ડ રનરસપ

દાહોદ, દાહોદ શહેરના સીટી ગ્રાઉન્ડ ખાતે સકલ દિગમ્બર અને શ્વેતાંબર જૈન સમાજના દ્વારા જૈન પ્રીમિયર લીગના નેજા હેઠળ અતિઆધુનિક ઢબે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭ મેં થી ૧૫ મેં તારીખ સુધી યોજાયેલ મેચ નિહાળવા માટે મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો અને શહેરીજનો ઉમટ્યા હતા. ૧૫ના રોજ ફાઈનલ મેચ અભિમન્યુ અને અરિહંત વોરિયર્સ વચ્ચે રમાઈ હતી જેમાં ટોસ જીતી અરિહંત વોરિયર્સ એ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પ્રથમ દાવ અભિમન્યુના ખેલાડીઓના હાથમાં બેટ જોવા મળ્યો હતો અને અરિહંત વોરિયર્સની સારી બોલિંગ અને ફિલ્ડિંગના કારણે ૭૭ રનનો જુમલો ખડકી શક્યા હતા. બીજા દાવમાં આવેલા આ અરિહંત warriors ખેલાડીઓ ૬૦ કરી શક્યા હતા અને છેલ્લી ઓવરમાં ભારે રસાકસીમાં એકબાદ ખેલાડીઓ આઉટ થતાં આખરે અભિમન્યુની જીત થઈ હતી. તે વિજેતા તરીકે ઉભરી આવી હતી. ત્યારબાદ ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ, દાહોદ શહેર પ્રભારી ભરતસિંહ સોલંકી, જૈન સમાજના આગેવાનો ડો.મહેતા, ડોક્ટર સંકેત સરવૈયા, શૈલેષભાઈ સરયા, શીતલ શાહ, રોનક ભંડારી અને મહાનુભાવોના હસ્તે ખેલાડીઓને અને વિજેતા ટીમને ટ્રોફી આપી નવાજવામાં આવ્યા હતા. હરિહંત વોરિયાર્ષને ૧૧ હજારનું ઈનામ અને વિજેતા અભિમન્યુ ૨૧ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. મેન ઓફ ધ સીરીઝ તરીકે તરંગ શાહ રહ્યો હતો. આ વેળાએ મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત અમ્પાયરનો પણ આભાર માન્યો હતો.

દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સિક્યુરિટી ગાર્ડ સહિતની નોકરીઓ માટે ભરતી યોજાશે

દાહોદ, દાહોદ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં સુરક્ષા જવાન (સિક્યુરિટી ગાર્ડ), સુરક્ષા સુપરવાઈઝર અને સુરક્ષા અધિકારીની ભરતી કરાશે. જે અંતર્ગત જે તે તાલુકાની તાલુકા પંચાયત ખાતે આ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના તાલીમ વર્ગ યોજાશે.

ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્ટ સર્વિસ ઈન્ડિયા લી. ના સહયોગથી આ ભરતીનું આયોજન કરાયું છે. ભરતી અધિકારી રામપ્રકાશસિંહ જણાવે છે કે, ઉમેદવારની ઉંમર ૨૧ થી ૩૬ વર્ષ, શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ કે નપાસ, ઉંચાઇ ૧૬૮ સેમી, વજન પક કિલો, છાતી ૮૦ થી ૮૫ અને શારીરિક રીતે તંદુરસ્ત હોવું જરૂરી છે. જેને ઇચ્છા હોય તેવા ઉમેદવાર બધા જ ડોક્યુમેન્ટની ઝરોક્ષ, બે પાસપોર્ટ સાઈઝના ફોટા, આધારકાર્ડ, બોલપેન લઈને ઉપસ્થિત થવાનું રહેશે.

જેમાં ગરબાડા ખાતે આગામી તા. ૧૮ મે, દેવગઢ બારીયા ખાતે તા. ૧૯, ધાનપુર ખાતે તા. ૨૦, લીમખેડા ખાતે તા. ૨૧, સંજેલી ખાતે તા. ૨૨, ઝાલોદ ખાતે તા. ૨૩, સીંગવડ ખાતે તા. ૨૪, દાહોદ ખાતે તા. ૨૫, ફતેપુરા તા. ૨૬, મે ના રોજ યોજાશે.

સીંગવડના પરમાર ડુંગરપુર ગામે પરણિતાની છેડતી કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પરમારના ડુંગરપુર ગામે એક પરણિતાનો એકલતાનો લાભ લઈ એક ઈસમ દ્વારા પરણિતાની છેડતી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૦મી મેના રોજ પરમારના ડુંગરપુર ગામે રહેતો જયેશભાઈ સુરસીંગભાઈ પરમારે સીંગવડ તાલુકામાં રહેતી એક પરણિતાના ઘરે આવી તેણીનો એકલાતાનો લાભ લઈ પરણિતા જયારે પોતાના ઘરમાં ઉંઘતી હતી તે સમયે તેને ઉંઘમાંથી જગાડી તેણીની ખેંચતાણ કરી હતી અને ઈજ્જત લેવાની કોશિષ કરતાં પરણિતાએ બુમાબુમ કરી મુકતાં જયેશભાઈએ પરણિતાને લાપટો, ઝાપટો મારી ઈજાઓ પહોંચાડી નાસી જતાં આ સંબંધે છેડતીનો ભોગ બનેલ પરણિતા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનપુરના પીપરીયા ગામે જમીન ૯ ઈસમોએ પચાવી પાડતા ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરીયા ગામે એક વ્યક્તિની માલિકીની જમીનને નવ જેટલા ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં જમીનને પચાવી પાડી કબજો જમાવી લેતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ધાનપુર તાલુકાના પીપરીયા ગામે રહેતાં ચંદ્રભાઈ ધીરાભાઈ ડામોર, જશુભાઈ ધીરાભાઈ ડામોર, નટુભાઈ ધીરાભાઈ ડામોર, બાબુભાઈ ઝેરાભાઈ ડામોર, અભેસિંહ ઝેરાભાઈ ડામોર, અજમેલભાઈ છગનભાઈ ડામોર, નવલસિંહ છગનભાઈ ડામોર, હજારભાઈ ગોપસીંગભાઈ ડામોર અને મનહરભાઈ જવલાભાઈ ડામોરનાઓએનાઓએ એકબીજાના મેળાપીપણામાં ધાનપુર તાલુકાના લખણાગોજીયા ગામે વાખળા ફળિયામાં રહેતાં પર્વતભાઈ છેડાભાઈ વાખળાની પીપરીયા ગામે આવેલ તેઓની માલિકીની જમીનને ઉપરોક્ત નવ જેટલા ઈસમોએ પચાવી પાડી કબજો જમાવી લેતાં આ સંબંધે પર્વતભાઈ છેડાભાઈ વાખવાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ડોકી ગામે ફોર વ્હીલ ચાલકે બાઈકને ટકકર મારતાં દંપતિ પૈકી પતિનું મોત

દાહોદ, દાહોદ તાલુકાના ડોકી ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ એક દંપતિને અડફેટમાં લેતાં એકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી મેના રોજ દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં પંકજભાઈ સુરમાલભાઈ નિનામા તથા તેમની સાથે રોશનીબેન એમ બંન્ને જણા પેથાપુર ગામેથી લગ્ન પ્રસંગ પતાવી પરત પોતાના ઘરે આવી રહ્યાં હતાં. આ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પંકજભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં પંકજભાઈ તથા તેમની પત્નિ રોશનીબેને એમ બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં. બંન્ને ઈજાગ્રસ્ત દંપતિને સારવાર અર્થે તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતા. જયાં સારવાર દરમ્યાન પંકજભાઈનું મોત નીપજ્યું હતું જ્યારે તેમની પત્નિ રોશનીબેન હાલ પણ દવાખાનામાં સારવાર લઈ રહી છે. આ સંબંધે દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં ભરતભાઈ મતાભાઈ નિનામા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આપની આજ.....

મેષ : વ્યવસાયને લગતી તમારી કાર્યપ્રણાલીમાં જે પરિવર્તન આવ્યું છે કે ઉત્પાદન ક્ષમતામાં નફો કરશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. પતિ-પત્ન વચ્ચે ઘરની વ્યવસ્થાને લઈને થોડો વિવાદ થઈ શકે છે. આર્થિક રૂપથી થોડી મુંજવણ અને સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

વૃષભ : ધનની લેવડ-દેવડમાં કોઈના ઉપર પણ વિશ્વાસ રાખવાથી નુકસાન થઈ શકે છે. બદલાતા વાતાવરણથી સાવધાન રહો. ઘણાં સમય પછી મિત્રોને મળવાથી બધા લોકો સુખ અને ઉમંગ અનુભવ કરશે. આજે વ્યવસાયને લગતા દરેક કામ વિના વિઘ્ન સંપન્ન થતાં જશે.

મિથુન : શેરબજાર, સટ્ટા વગેરે જેવા કાર્યોથી દૂર રહો. સ્વાસ્થ્ય ઠીક રહેશે. કોઈ રાજનૈતિક કે સામાજિક કાર્યક્રમમાં જવાનો અવસર મળી શકે છે જે તમારા માટે લાભદાયક સાબિત થશે.

કર્ક : જો વ્યવસાયને લગતું જ કોઈ નવું કામ કરવાનું વિચારી રહ્યા છો તો તેને સર્વોપરિ રાખો. જો કોઈ વારસાગત સંપત્તિને લગતો મામલો ચાલી રહ્યો છે તો તેનું સમાધાન પણ મળવાની શક્યતા છે.

સિંહ : કાર્યસ્થળમાં કામનું દબાણ જળવાયેલું રહેશે. તમારી ઈમ્યૂન સિસ્ટમ મજબૂત જાળવી રાખો. માનસિક સુકૂન માટે થોડો સમય કોઈ ધાર્મિક સ્થળ કે એકાંતમાં પસાર કરો. પેમેન્ટ કે અટવાયેલાં રૂપિયાની વસૂલી માટે સમય ઉત્તમ છે. વાતચીત કરતી સમયે યોગ્ય શબ્દોનો પ્રયોગ કરો.

કન્યા : વ્યવસાયમાં રિટેલ અને દૈનિક આવક ઉપર વધારે ધ્યાન આપો. સમયમાં આવતા ફેરફારનો પ્રભાવ તમારા બધા કાર્યો ઉપર પડી રહ્યો છે. ક્યારેક તણાવ અને ડિપ્રેશન જેવી સ્થિતિ અનુભવ થઈ શકે છે. સમયમાં આવતા ફેરફારનો પ્રભાવ તમારા બધા કાર્યો ઉપર પડી રહ્યો છે.

તુલા : તમે તમારી અંદર થોડી અજીબ નબળાઈ તથા ઘૂંટણ અનુભવ કરશો. વ્યવસાયિક ગતિવિધિઓ સામાન્ય જ રહેશે. ક્યારેક-ક્યારેક પરિસ્થિતિના કારણે તમે કામ ટાળવાની કોશિશ કરશો જેના કારણે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક : દિવસની શરૂઆતમાં કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઈ મિત્ર જ તમારી પરેશાનીનું કારણ બનશે, એટલે દરેક ક્રિયાઓ ઉપર નજર રાખો. પરિવારમાં વાતાવરણ મધુર અને સોહાર્દપૂર્ણ રહેશે.

ધનુ : આજે તમારો દરેક નિર્ણય તમારા પક્ષમાં રહેશે. વ્યવસાયમાં આજે માર્કેટિંગને લગતાં કાર્યો ઉપર વધારે ધ્યાન આપો. એસિડિટી અને ગેસના કારણે પરેશાની રહેશે. પ્રેમ સંબંધોને પારિવારિક સ્વીકૃતિ મળવાથી મન પ્રસન્ન રહેશે. સમય પ્રમાણે પોતાને પણ બદલવા યોગ્ય છે.

મકર : પારિવારિક વાતાવરણ સુખદ રહેશે. તમારા મોટાભાગના કામ દિવસના પહેલાં ભાગમાં જ પૂર્ણ કરવાની કોશિશ કરો. કોઈ અશુભ સમાચાર મળવાથી મન નિરાશ રહેશે. તમે દરેક મુશ્કેલ લક્ષ્યને મહેનત દ્વારા પ્રાપ્ત કરવામાં સક્

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દે.બારીયામાં પેટ્રોલ પંપમાં લુંટની ઘટનામાં પેટ્રોલ પંપના મેનેજર સહિત ચાર ઈસમોએ લુંટનો અંજામ આપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં ગતરોજ એક પેટ્રોલ પંપ ઉપર ધોળે દિવસે લુંટની ઘટના બની હતી અને જેમાં લાખ્ખોની લુંટ કરી લુંટારૂઓ નાસી ગયાંની ઘટનાને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જેમાં આજરોજ એકશનમાં આવેલ પોલીસે ગણતરીના કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. આ લુંટમાં ચાર જેટલા ઈસમો સંડોવાયેલા છે જેમાં પેટ્રોલ પંપ પર ફરજ બજાવતો મેનેજર સહિત ચાર જેટલા ઈસમોએ આ લુંટને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે અને ઉઘરાણીના પૈસા ચુંકવવા આ લુંટને અંજામ આપ્યો હોવાનું આરોપીઓએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. સમગ્ર મામલે પોલીસે ચારેય ઈસમોની અટકાયત કરી તેઓની પાસેથી રોકડા રૂપીયા ૧૧,૦૮,૦૦૦ રીકવર કર્યાં છે.

ગતરોજ દેવગઢ બારીઆ નગરમાં આવેલ એસર પેટ્રોલ ઉપર ધોળે દિવસે લુંટને પગલે પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી દાહોદ જિલ્લા પોલીસ વડા દ્વારા દેવગઢ બારીઆ પોલીસને જરૂરી સુચનો અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જેમાં દેવગઢ બારીઆ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આ લુંટના ગુન્હાનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો. જેમાં પ્રથમ પેટ્રોલ પંપ પર લાગેલ સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરી હતી. જેમાં અલગ અલગ ગ્રાહકોની અવર જવર હતી. ત્યાર બાદ પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે ફરજ બજાવતો આબીદ અસદબીન અરબ (રહે. કસ્બા, દેવગઢ બારીઆ)ની ઓફિસની પણ તપાસ કરતાં અને સીસીટીવી ફુટેજ ચેક કર્યાં હતા. જેમાં પોલીસને કંઈક અજુગતુ લાગ્યું હતું અને પેટ્રોલ પંપ ઉપર ફરજ બજાવતાં કર્મચારીઓની પોલીસે પુછપરછ પણ કરી હતી. સમગ્ર મામલા બાદ પોલીસે પેટ્રોલ પંપના મેનેજર આબીદ અને આકાશભાઈ મુકેશભાઈ સંગાડા (રહે. ડાંગરીયા, દેવગઢ બારીઆ)ની પોલીસે સઘન પુછપરછ કરતાં બંન્ને પુછપરછ દરમ્યાન ભાંગી પડ્યાં હતાં અને તેઓએ આ લુંટને અંજામ આપવા કાવતરૂં રચ્યું હોવાનું પોલીસ સમક્ષ કબુલ્યું હતું. જેમાં ઉપરોક્ત બંન્ને ઈસમોના જણાવ્યાં અનુસાર, તેઓની સાથે બળવંતભાઈ સબુરભાઈ સંગાડા (રહે. ડાંગરીયા, દેવગઢ બારીઆ) કામ કરતાં હતા. તે સમયે તેઓએ કલેક્શનના પૈસામાંથી ઓછા પૈસા આપ્યાં હતાં બાકીના નીકળતાં પૈસા તેઓએ ઉછીના લીધાં હતા. તે આપી દીધાં હતાં અને બાકી પૈસા વાપરી નાંખ્યાં હતાં અને પેટ્રોલ પંપના વાપરી નાંખેલ પૈસા આપવા માટે તેણે મેનેજરને વચ્ચે રાખી રોમી અગ્રવાલ પાસેથી રૂા. ૯,૦૦,૦૦૦ ઉછીના લીધાં હતા. જૈ પૈસાની બળવંતભાઈ પાસે ઉઘરાણી થતાં તેણે પોતાનું ખેતર વેચીને પૈસાની ભરપાઈ કરી દેશે તેમ જણાવ્યું હતું અને તે પછી પંદર દિવસથી નોકરી ઉપર આવતો ન હોય અને હવે ઉછીના લીધેલા રૂપીયા હવે આપવા ક્યાંથી અને તેમ વિચારી મેનેજર મુંઝવણમાં મુકાયો હતો. આ દરમ્યાન શુક્ર–શનિવાર દરમ્યાન કલેકશન થયેલ પૈસા ઉછીના લીધેલા હતાં અને વ્યકિતને રૂા.૯,૦૦,૦૦૦ આપી દીધાં હતા. ત્યાર બાદ રવિવારના રોજ સાંજના સમયે પેટ્રોલ પંપનો મેનેજર આબીદ, આકાશ, સલમાન સાકીરભાઈ અરબ (રહે. રાણીવાવ ધર્મશાળાની પાછળ, દેવગઢ બારીઆ) અને મોહમદ ફૈજાન ઉર્ફે અરબાઝ શેખ નાઓએ મળી લુંટ કરવા સારૂં બે મોટરસાઈકલ લઈને આવી પેટ્રોલ પંપ ઉપર લુંટ કરવાનું કાવતરૂં રચી નાંખ્યું હતું. આમ, સમગ્ર મામલે પોલીસે આરોપીઓ પાસેથી રૂા. ૧૧,૦૮,૦૦૦ રોકડા કબજે કર્યાં હતાં.

ફતેપુરા તાલુકા ના પાટી ગામે તળાવ માંથી દૂધ સંજીવની નું દૂધ મળી આવ્યું

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

આદિવાસી બાળકોને કુપોષિત દૂર કરવા માટે સરકાર દ્વારા દૂધ સંજીવની અંતર્ગત બાળકોને પોસ્ટિક અને ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે પરંતુ ફતેપુરા તાલુકાના મોટાભાગના ગામોમાં આંગણવાડીના બાળકો સુધી આ દૂધ પહોચતું નથી અને અને બાળકોને દૂધ પહોચાડવાના બદલે દૂધ ને તળાવ કે નદીમાં ફેંકી દેવાના કિસ્સાઓ સામે અવારનવાર આવતા હોય છે. આંગણવાડી કેન્દ્રમાં ભણતા બાળકો શારીરિક સ્વાસ્થ્ય નિરોગી અને કુપોષિતતા દૂર થાય તે માટે સંજીવની યોજના યોજના શરૂ કરવામાં આવી હતી અને આ યોજના આદિવાસી જિલ્લામાં અમલમાં મુકવામાં આવી હતી.

ફતેપુરા તાલુકામાં અંતરિયાળ ગામ પાટી તળાવ ફળિયાના રહીશોમાં કોઈ કહેનાર ના હોય તેમ કુપોષણને દૂર કરવા અને કુપોષણ અટકાવવા દૂધ સંજીવની યોજના અંતર્ગત પૂરા પાડવામાં આવતા દૂધના પાઉચ પાટી ગામના તળાવમાં ફેંકી દેવામાં આવેલ નજરે પડી રહ્યા છે. દૂધ સંજીવનીમાં દૂધ પૂરૂં પાડનાર ખાનગી કોન્ટ્રાકટર અને કંપની જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓના છૂપા આશીર્વાદ થી કેટલીક આંગણવાડી માં તો દૂધ પહોચાડવામાં આવતું જ ન હોવા નું ગ્રામજનો દ્વારા જાણવા મળી રહ્યું છે.

ઝાલોદના વાંકોલ ગામેથી ફોર વ્હીલ માંથી બે લાખ ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વાંકોલ ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૨,૦૮,૫૧૨ના વિદેશી દારૂના જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૭,૦૮,૫૧૨નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો તેમજ પોલીસને ચકમો આપી ગાડીનો ચાલક નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૬મી મેના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ઝાલોદ તાલુકાના વાંકોલ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી ત્યારે પોલીસને દુરથી જોઈ ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી સ્થળ પર ગાડી મુકી નાસી ગયો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૧૬૮૦ કિંમત રૂા. ૨,૦૮,૫૧૨ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૭,૦૮,૫૧૨ના જથ્થા સાથે ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ પોલીસે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના દેલસર ગામે જુગારધામ પર પોલીસે રેડ કરી જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર ગંજી પત્તાના જુગાર ધામ પર પોલીસે ઓચિંતી રેડ કરતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતો. જેમાં પોલીસે ૦૬ જેટલા જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૨૧,૬૪૦ તેમજ ૦૨ મોટરસાઈકલ અને ૦૩ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૮૮,૬૪૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી મેના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે દેલસર ગામે ઉકરડી રોડ પર જાહેરમાં રમાતા ગંજી પત્તાના જુગારધામ પર ઓચિંતી રેડ પાડતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા સાદીકહુશેન શેખાવતહુશેન શેખ (રહે. ઉકરડી રોડ, સાંઈધામ સોસાયટી, દાહોદ), ઈર્શાદભાઈ મુર્તુઝા મિર્ઝા (રહે. ઉકરડી રોડ, સુદામા નગર, દાહોદ), ઈમ્તીયાઝ ફકરૂદ્દીન શૈયદ (રહે. ઠક્કર ફળિયા, દાહોદ), રહીમભાઈ લતીફભાઈ ભિસ્તી (રહે. રેલ્વે સ્ટેશન રોડ, દાહોદ), રફીકહુશેન શાદીકહુશેન શેખ (રહે. ઉકરડી રોડ, સાંયધામ સોસાયટી, દાહોદ) અને રસીદઅલી બાબુઅલી સૈયદ (રહે. બારોટ ચાલ, ગોદી રોડ, દાહોદ) નાની પોલીસે અટકાયત કરી તેઓની અંગ ઝડતીમાંથી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૨૧,૬૪૦ તેમજ ૦૨ મોટરસાઈકલ અને ૦૩ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૮૮,૬૪૦ના મુદ્દામાલ સાથે ઉપરોકત ૦૬ જુગારીઓ વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જીલ્લામાં ત્રણ અલગ-અલગ સ્થળેથી ત્રણ સગીરાના લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી ત્રણ જુદી જુદી જગ્યાએથી અલગ અલગ સમયગાળા દરમ્યાન ત્રણ સગીરાઓને યુવકો દ્વારા પોતાની પત્નિ તરીકેરાખવા સારૂંઅપહરણ કરી લઈ નાસી જતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૪મી મેના રોજ દેવગઢ બારીઆ તાલુકાના રામા ગામે રહેતો રવિન્દ્રભાઈ રમેશભાઈ બારીયાએ પોતાના મિત્રની મદદ લઈ મોટરસાઈકલ પર આવી દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૧ મેના રોજ ધાનપુર તાલુકાના કાલીયાવાડ ગામે રહેતો મેહુલભાઈ અભલાભાઈ મેડાએ લીમખેડા તાલુકામાં રહેતી એક સગીરાના ઘરે આવી સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૦૪ મેના રોજ છોટાઉદેપુર જિલ્લાન ગુડા ગામે રહેતો ગણેશભાઈ કનુભાઈ નાયકેદેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.225

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરા પાલિકાની ત્રિમાસીક સામાન્ય સભામા હોબાળા વચ્ચે ૪૩ કામો સર્વાનુમતે મંજુર કરાયા

- પૂર્વ સભ્યને રજુઆત કરતા ધકકા મારી બહાર કઢાયા.
- અપક્ષ સભ્યો દ્વારા રજુઆત કરાઈકે C.O. ફોન નથી ઉપાડતા.
- ગોધરા શહેરની કામગીરી બે ભાગોમાં વહેંચી દેવામાં આવી છે.
- ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં કામો માત્ર કાગળ પર જ થતા હોવાની વાતો પણ કરાઈ.

નગર પાલિકાના ઉપપ્રમુખ અક્રમભાઈ પટેલ સામે ૬૪ લાખના ટેન્ડરમાં સાંઠગાંઠ કરી બારોબાર એમના જ મળતીયાને આપી દેવાના આક્ષેપ પૂર્વ સભ્ય દ્વારા કરવામાં આવ્યા હતા. આ આક્ષેપો કરતા જ આ પૂર્વ સભ્યને બેઠેલા સભ્યો દ્વારા તેમને સભા ખંડ માંથી ધકકા મારી બહાર કાઢી દેવામાં આવ્યા હતા.

પાલિકા ત્રિમાસીક સામાન્ય સભામાં પાલિકાના ઉપપ્રમુખ અકરમ પટેલની રોડ કન્સ્ટ્રકશન કંપની સાથે ભાગીદારીનો આક્ષેપ કરવામાં આવ્યો. મોટાભાગના સભ્યો એ પાલિકા ચીફ ઓફિસર સહિત કર્મચારીઓ ફોન પણ ન ઉપાડતા હોવાનો આક્ષેપ કરવામાં આવતાં ભારે હોબાળો વચ્ચે ૨૪ વિકાસના કામોને મંજુર કરવામાં આવ્યા.

ગોધરા,

ગોધરા શહેરના સરદાર નગર ખંડ ખાતે નગરપાલિકા ગોધરાની ત્રિમાસિક સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં ૪૩ કામોનું સર્વે સભ્યોની મતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા પણ ૪૪ સભ્યો પૈકીના એક સભ્ય દ્વારા પોતાના વોર્ડમાં નગરપાલિકાનાં ઉપપ્રમુખ પર લાખો રૂપિયાના કામોમાં ગેરરીતિનો આક્ષેપ લગાવતા સામાન્ય સભામાં હોબાળો મચી જવા પામ્યો હતો. ત્યારે નગરપાલિકા નાં સદસ્યો દ્વારા પાલિકાના અધિકારીઓ ભરપેટ પગાર લેતા હોય પણ અમારા વિકાસના કામો અર્થે ફોન કરીએ છીએ તો ફોન ઉપાડવાની તસ્દી લેતા નથી. ત્યારે આ મામલે પણ હોબાળો મચી જવા પામ્યો હતો. ત્યારે સામાન્ય સભામાં ઉપસ્થિત પ્રમુખ, ઉપપ્રમુખ અને ચીફ ઓફિસરે મધ્યસ્થી કરતા મામલો થાળે પડ્યો હતો.

ગોધરા શહેરના સરદાર નગર ખંડ ખાતે આજે નગરપાલિકાની ત્રિમાસિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં શહેરના વિકાસના નાના મોટા ૪૩ કામો માટે પાલિકા સદસ્યોએ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. સામાન્ય સભા દરમ્યાન વિપક્ષ સભ્યોએ પાલિકાના જવાબદાર અધિકારીઓ ફોન ન ઉપાડતા હોવાના આક્ષેપ સાથે હોબાળો મચાવતા પાલિકાની સામાન્ય સભા તોફાની બની હતી. જે દરમિયાન પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીએ દરમ્યાનગીરી કરી મામલાને થાળે પાડવામાં આવ્યો હતો. ગોધરના સરદાર નગર ખંડમાં મળેલી ત્રિમાસિક સામાન્ય સભામાં શહેરના નાના મોટા વિકાસના ૪૩ કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. જે વેળાએ વિપક્ષના સભ્યોએ લેખિત અને મૌખિક વાંધો રજુ કરતા જણાવ્યું હતું કે, નગર પાલિકાનો તગડો પગાર લેતા અધિકારીઓ ફોન ઉપાડતા નથી અને યોગ્ય જવાબ ન આપતા હોવાના આક્ષેપો પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીની ઉપસ્થિતિમાં કરતા પાલિકાના અધિકારીને ડાયસ પર બોલાવી ખુલાસો માંગવામાં આવતા ભારે હોબાળો મચવાની સાથે સામાન્ય સભા તોફાની બની હતી. વિપક્ષ સદસ્યોએ વિકાસના કામોમાં કોઈ વાંધો ન લેતા તમામ કામો મંજુર જાહેર કર્યા હતા. વધુમાં વિપક્ષી સદસ્યોએ આક્ષેપ કરતા જણાવ્યું હતુંકે, ગોધરા નગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ સમયસર પાલિકામાં હાજર રહેતા નથી.જેના કારણે વિકાસના કામોમાં અડચણો ઉભી થાય છે. સામાન્ય લોકોને પણ ધક્કા ખાવાની નોબત આવે છે. જેથી આવા અધિકારીઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જોકે, સામાન્ય સભા દરમ્યાન પાલિકાના ઉપપ્રમુખ સામે પણ વિકાસના કામોમાં ગેરરીતિના આક્ષેપ મહિલા પાલિકા સદસ્યના પતિ દ્વારા કરવામાં આવતા મામલો ગરમાયો હતો. આખરે હોબાળો કરનાર વ્યકિતને બહાર કાઢી સામાન્ય સભા આગળ વધારવામાં આવી હતી. સામાન્ય સભામાં મોટાભાગના પાલિકા સદસ્યો હાજર રહ્યા હતા અને ગણતરીની મીનીટોમાં બોર્ડ પુરૂ કરી દેવામાં આવ્યું હતું. મળેલી સામાન્ય સભામાં શહેરનો વિકાસનો મુદ્દો સાઈડ પર રહ્યો હતો, પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીઓની ફરિયાદ પાલિકાના મુખ્ય અધિકારીને કરવામાં આવી હતી. દરમ્યાન પાલિકા પ્રમુખે દખલગીરી કરતા મામલો થાળે પાડયો હતો.

ગોધરા નગર પાલિકાની ત્રિમાસીક સામાન્ય સભા યોજાવામાં આવી હતી. આ સામાન્ય સભામાં વિકાસના કામોને મંજુર કરવામાં આવ્યા. જેમાં સરદાર નગર ખંડ રીનોવેશન કામ ૧૬૫ લાખનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો. હમીરપુર સુએજટ્રીટમેન્ટ પ્લાન્ટ ફાળવેલ જમીનનો મહેસુલ અને વ્યવસાય વેરો માટે ૧,૬૩,૩૦૦/-રૂપીયા ભરવાનો નિર્ણય, અભરામ પટેલના મુવાડા વિસ્તારમાં પીવાના પાણી માટે ૧૫ હેન્ડ પંપ નાખવા માટે રૂ.૧૧,૫૮,૧૬૫/-નો ખર્ચ ૧૫માં નાણા પંચમાં મંજુર કરવાની શરતે મંજુરી અપાઈ. પાલિકા વિસ્તારમાં ચોમાસા સીજન પહેલા પ્રિમોન્સુનને લઈ કોતર અને કેનાલની સફાઈ માટે ૮,૦૦,૦૦૦/-રૂપીયા ૧૫માં નાણાં પંચમાં મંજુર કરવાનો નિર્ણય, પાણી પુરવઠા વિભાગની સાતપુલ, બામરોલી તથા બાવચાવાડની મોટર ખરીદવા માટે ૧૭,૧૪,૭૮૪/-રૂપીયા મંજુર કરવા આપ્યા.

પંચમહાલ-મહીસાગરના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦ કરોડના ખર્ચે પાનમ ડેમ આધારિત પાનમ હાઈ લેવલ કેનાલ બની

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ જિલ્લાના મુખ્ય જળાશય પાનમ ડેમ આધારિત પાનમ હાઈ લેવલ કેનાલ મારફતે પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ૭૫ ગામોને સિંચાઈનું પાણી પૂરૂં પાડવાની આ યોજના છે. પાનમ હાઈ લેવલ કેનાલ થકી પંચમહાલ અને મહીસાગર જિલ્લાના શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના ૭૫ ગામોના ૧૮૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનું પાણી પૂરૂં પાડવા માટે ૩૫ કિલોમીટર લાંબી મુખ્ય કેનાલ અને ૭૦ કિલોમીટરની માઈનોર કેનાલ બનાવીને સિંચાઈનું પાણી પૂરૂં પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં હાલમાં જુદી-જુદી માઈનોર કેનાલો મળીને ૪૦ કિલોમીટર માઈનોર કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જ્યારે બાકીની કેનાલનું કામ હાલ પ્રગતિમાં છે.આ યોજના થકી ૪૮ ચેકડેમમાં પાણી ભરવાનું તેમજ આ વિસ્તારના ૭૫ જેટલા કુવા રિચાર્જ કરવાનું અને કમાન્ડ વિસ્તારના ૬૨ તળાવોને પાણીથી ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી ૬૨ જેટલા તળાવોને હાલ રીચાર્જ કરવામાં આવ્યા છે.અને જે વિસ્તારમાં કેનાલનું કામ પૂર્ણ થયું છે તે વિસ્તારના ખેડૂતોને સિંચાઈના પાણીનો લાભ પણ આપવામાં આવ્યો છે. આમ પંચમહાલ જિલ્લાના મુખ્ય જળાશય પાનમ ડેમ આધારિત અગાઉની કેનાલ ઉપરાંત પાનમ હાઈ લેવલ કેનાલ મારફતે વધુ ગામોને સિંચાઈનો લાભ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૧૩૦ કરોડ ઉપરાંતની યોજના અમલમાં મુકવામાં આવતાં સ્થાનિક ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. પાનમ હાઈ લેવલ કેનાલ મારફતે શહેરા અને ગોધરા તાલુકાના ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરૂં પાડવામાં આવતાં ખેડૂતો માત્ર વરસાદ આધારિત ખેતી નહીં પરંતુ અન્ય સિઝનમાં પણ પોતાના ખેતરમાં પાક લેતા થયા છે.પાનમ કેનાલ મારફતે મળતાં સિંચાઈના પાણી દ્વારા આ વિસ્તારના ખેડૂતોના ખેતરમાં ઉનાળા તેમજ શિયાળુ પાક પણ લહેરાતો થયો છે. તો બીજી તરફ આ વિસ્તારના ચેકડેમ અને કુવાઓમાં પણ ભૂગર્ભ જળસ્તર ઉંચુ આવતા પાણીનું સંકટ હતું તે દૂર થયું છે સાથેસાથે આ વિસ્તારના ખેડૂતોના ઢોરઢાંખર માટે પાણી અને ઘાસચારાની પણ આ કેનાલ લઈને રાહત થઈ છે.

કમાન્ડ વિસ્તારના ૬૨ તળાવોને પાણીથી ભરાશે

પાનમ ડેમ આધારિત સિંચાઈનું પાણી પૂરૂં પાડવા માટે રૂ.૧૩૦ કરોડ જેટલી માતબર રકમના ખર્ચે પાનમ હાઈ લેવલ કેનાલ બનાવવામાં આવી છે. આ યોજનાથી ૪૮ ચેકડેમ તથા વિસ્તારના ૭૫ જેટલા કુવા રિચાર્જ કરવાનું અને કમાન્ડ વિસ્તારના ૬૨ તળાવોને પાણીથી ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સિચાંઈ યોજનાનો લાભ પંચમહાલ તથા મહીસાગરના ગામોને થશે.

શિયાળુ અને ઉનાળુ પાક કરીએ છીએ

પાનમ કેનાલમાં પાણી આવતાં વરસાદ આધારે ખેતી સાથે હવે શિયાળું તથા ઉનાળાનું પાક પણ કરીએ છીએ. ચેકડેમ તથા કુવાના ભુગર્ભ જળસ્તર ઉચાં આવ્યા છે. સરકારની આ સિંચાળ યોજનાથી ગ્રામ્ય વિસ્તાર માટે આર્શીવાદ સમાન બની છે.

શ્રી નારાયણ આરોગ્ય ધામ તાજપુરા ખાતે નારાયણ આઈ હોસ્પિટલના ૧૦ નવા ઓપરેશન થિયેટરોના ઉદ્ઘાટન કાર્યક્રમ

હાલોલ,

શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ સંચાલિત નારાયણ આઈ હોસ્પિટલ તાજપુરા મુકામે આવેલ છે. જેમાં વડોદરા, લુણાવાડા, બોડેલી, ડભોઈ જેવા જુદા જુદા સ્થળોએ આવેલ નારાયણ વિઝન સેન્ટરથી દર્દીઓને તાજપુરા હોસ્પિટલ સુધી લાવવા લઈ જવાની વ્યવસ્થા તથા તાજપુરામાં દર્દીઓને રહેવા ખાવા પીવાની, દવા, ઓપરેશનની વ્યવસ્થા સાથે સાથે ઓપરેશન પછીની જરૂરી બધી જ સુવિધા અને સારવાર બિલકુલ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. નારાયણ આઈ હોસ્પિટલમાં વર્ષે ૫૫ હજાર કરતાં વધુ ઓપરેશન કરવામાં આવે છે. આ સુવિધાઓમાં આજરોજ સેન્ટ્રલાઈઝ એરકન્ડીશનની સુવિધા સાથેના વધુ દસ અદ્યતન ઓપરેશન થિયેટરનો ઉમેરો કરવામાં આવ્યો. આ વધુ દસ અદ્યતન ઓપરેશન થિયેટર ઉમેરાતા હવે દર્દીઓના ઓપરેશન ની સંખ્યા વધશે અને દર્દીઓને અદ્યતન સારવાર બિલકુલ નિઃશુલ્ક મળી રહેશે.

આ ઓપરેશન થિયેટર તથા તેની સાથે સ્કબ રૂમ, બ્લોક રૂમ, ચેન્જીંગ રૂમ, સ્ટરલાઈટ રૂમ તથા દર્દીઓ માટે વેઈટિંગ રૂમની પણ એરકન્ડિશન સુવિધાઓ સહિત ઊભી કરવામાં આવી. આ જુદી જુદી સુવિધાઓનું ઉદ્ઘાટન શ્રી નારાયણ પરિવારના ભક્તો તથા જુદા જુદા સભ્યો દ્વારા કરવામાં આવ્યા. આ ઉદ્ઘાટન મુખ્યત્વે શ્રી નારાયણ પરિવારના છાણી, મુંબઈ, નાસિક, હાલોલ, તાજપુરા વડોદરા જેવા અન્ય જુદા જુદા સ્થળોએ રહેતા શ્રી નારાયણ પરિવારના સભ્યો અને હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તેમજ શ્રી નારાયણ બાપુના ભકતો તથા આજુબાજુના ગામોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરાના મંગલીયાણા ગામે બાળલગ્ન સ્થળે ૧૮૧ પહોંચી બાળલગ્ન અટકાવ્યા

શહેરા,

શહેરા તાલુકાના મંગલીયાણા ગામે બાળલગ્ન થઈ રહ્યા હોવાનુ ૧૮૧ પર ફોન આવ્યો હતો. ત્યારે ૧૮૧ના અધિકારી દ્વારા ઘટના સ્થળે સમગ્ર ઘટનાનુ નિરીક્ષણ કરી શહેરા તાલુકાના દલવાળા ગામેથી જાન આવી હતી જેમાં વરરાજાની ઉંમર દેખતા તે પુખ્ત વયના હોય તેમ જણાઈ આવ્યુ હતુ પરંતુ કન્યા પક્ષે જોવા જતા કન્યાની ઉંમર ૧૬ વર્ષની જણાઈ આવી હતી. પરંતુ ૧૮૧ની ટીમને સ્થળ પર જોતા વર તથા કન્યા સહિત સંબંધિઓ મંડપ છોડી પલાયન થઈ ગયા હતા ત્યારબાદ ૧૮૧ના અધિકારીએ શહેરા પોલીસ તથા બાળ સુરક્ષાના અધિકારીઓને જાણ કરાતા તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. શહેરા પોલીસ તથા બાળ સુરક્ષાના અધિકારીઓ દ્વારા ઘટના સ્થળે પહોંચી બાળ લગ્ન અટકાવ્યા હતા. અને બંને પક્ષો બાળલગ્ન બંધ રાખવા સહમત પણ થયા હતા. તથા બંને પક્ષો પાસેથી સોગંદનામુ પણ લેવામાં આવ્યુ હતુ. અને ત્યારબાદ ભવિષ્યમાં કાયદેસરની ઉંમર થશે ત્યારે લગ્ન કરશે તેમ જણાવ્યુ હતુ. અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાની નવા કુવામાં આવેલા મધ્ય ગુજરાત વિજ કંપનીના કર્મચારીઓ દ્વારા આજે મેન્ટેનસનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. વિજળી વિના પરેશાન થતા લોકોની ચિંતા કરી ૪૩ ડિગ્રી તડકામાં થાંભલા ઉપર ચડી રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં પંખો કે એસીમાં રહેવા ટેવાયેલા નગરજનોની સુખાકારી માટે MGVCL ના કર્મચારીઓ થાંભલે ચડી વીજ પુરવઠો ચાલુ કરી પ્રસંશનીય કામગીરી બતાવી હતી.

કાલોલ તાલુકાની શામળદેવી ગ્રામ પંચાયત એ તલાટી કમ મંત્રી ગાયબ છે હાજર રેહતા નથી તેવા બેનરો લાગ્યા

તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાની ચલાલી ગ્રામ પંચાયત બાદ હવે શામળદેવી ગ્રામ પંચાયત ઉપર તલાટી ગાયબ છે. હાજર રેહતા નથી તેવા ગ્રામ પંચાયતની બહાર બેનરો લાગતા એક પછી એક ગ્રામ પંચાયત વિવાદમાં આવી રહી છે. ત્યારે એવું લાગી રહ્યુ છે કે, આવા તલાટી કમ મંત્રીઓને તાલુકા વિકાસ અધિકારીનો આશીર્વાદ હોય તેમ લાગી રહ્યું છે અને આવા તલાટી સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં ન આવતા આવા ગુલ્લી બાજ તલાટી ઓને છૂટો દોર મલી જાય છે અને તેઓની પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ રહે છે. જેના કારણે ગ્રામજનોને મુશ્કેલીઓ પડે છે. જેથી આવા ગુલ્લી બાજ તલાટીઓ સામે તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી એકશન લેશે ખરા કે પછી આરીતે ગ્રામ પંચાયતોમાં તલાટીઓ ગેરહાજર રહી સરકારને નુકશાન પહોંચાડી માત્ર પગાર મેળવી પોતાનો હિત અને ખિસ્સા ભરસે તે જોવાનું રહ્યુ.

આવા ગુલ્લી બાજ તલાટી કમ મંત્રી પોતાની ગ્રામ પંચાયતમાં હાજર રહેવાના બદલે પોતાની પ્રાઈવેટ ઓફીસ તાલુકા પંચાયતની સામે ખોલીને બેસે છે. જે અંગે અગાઉ પણ તાલુકા વિકાસ અધિકારીને મૌખિક જાણકારી આપી તેમ છતાં તાલુકા વિકાસ અધિકારીએ એકશન લેવાના બદલે કોઈ કાર્યવાહી ન કરતા તાલુકા વિકાસ અધિકારી સામે અનેક સવાલો ઉઠી રહયા છે.

ગોધરા સ્ટેગો હોસ્પિટલ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા મેડિકલ અને રકતદાન કેમ્પ યોજાયો

ગોધરા,

સમસ્ત બ્રહ્મસમાજ ગોધરાના ઉપકમે તેમજ સ્ટેગો હોસ્પિટલના સહયોગથી ગોધરા ખાતે બ્રહ્મ પરિવારો માટે એક મેડિકલ તેમજ રકદાન કેમ્પનું આયોજન ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના લોકો હાજર રહ્યા હતા. જેમાં સમસ્ત બ્રહ્મસમાજના ગોધરા એકમના પ્રમુખ હિતેશભાઈ ભટ્ટ તેમજ યુવા ટીમ તેમજ બ્રહ્મ સમાજના અગ્રણીઓ હાજર રહી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં ૨૭ જેટલા રક્તદાતાઓએ રકતદાન કર્યું હતું તેમજ ૧૪૦ જેટલા લોકો એ અલગ અલગ રોગના નિષ્ણાંતો પાસે કન્સલ્ટ કરી સારવાર લીધી હતી. આ કેમ્પમાં બ્લડ રિપોર્ટ નિઃશુલ્ક રાખવામાં આવ્યો હતો. વધુમાં આયુષમાન કાર્ડ માટેની કામગીરી પણ કરવામાં આવી હતી. જેમાં ૭૦જેવા આયુષ્યમાન ભારતના હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં હિતેશભાઈ ભટ્ટ તેમજ બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને યુવાનો તેમજ મહિલા પાંખ હાજર રહી સફળ બનાવ્યો હતો.

કાલોલના ડેરોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કાર્યકર કમિટી દ્વારા લોન વ્યાજ માફ કરવા રાજ્ય નાણાં મંત્રીને રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ વર્ષ ૨૦૦૨, ૨૦૦૩માં વરહની યોજના હેઠળ ૧૦ લાખની લોન ૧૨ ટકાના વ્યાજે સરકાર તરફથી મંજુર થયેલ હતી. આ રકમ પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.બેંક કાલોલ શાખામાં જમા થતાની બેંકને રીઝર્વ બેન્ક દ્વારા કલમ ૩૫ એ લગાવતા નાણાકીય વ્યવહારો સ્થગિત થયેલ હતા. જેને લઈ ડેરોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ તેનો કોઈ પ્રકારે ઉપયોગ થયેલ નથી.

જ્યારે પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ચાલુ થઈ ત્યારે આ લોનની રકમ તેમજ બેંક તરફથી જે વ્યાજ આપવામાં આવ્યું હતું. તે સરકારમાં જમા કરાવી દેવામાં આવ્યું હતું પરંતુ સરકાર તરફથી ૧૨ ટકાના વ્યાજના તફાવતની રકમ ૧૦,૮૭,૮૦૦/- રૂપીયા ભરવા માટે માંગણી કરવામાં આવી રહી છે. માર્કેટ કમિટીની આર્થિક સ્થિતી નબળી છે અને પોતાના સ્વભંડોળ પણ નથી. જેથી વહીવટ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. જેને લઈ વ્યાજના તફાવતની રકમ ભરી શકાય તેમ નથી. વ્યાજના તફાવતની કરકમ નહિ ભરવાના કારણે સરકાર તરફ થી માર્કેટ કમિટીના વિકાસના કાર્યો માટે સહાયની દરખાસ્ત નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગાંધીનગર મોકલાવેલ છે. પરંતુ ડેરોલ ખેતીવાડી ઉત્પન્ન સમિતિની દરખાસ્ત મંજુર કરવામાં આવી નથી. જેને લઈ ખેડુતોના હિત માટેના કામો કરી શકતા નથી. આ બાબતે રાજ્યના નાણાં મંત્રીને પત્ર લખીને ડેરોલ એપીએમસીની સહાયની દરખાસ્ત મંજુર કરવામાં આવે અને વ્યાજની રકમ માફ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ગોધરા કબ્રસ્તાન રોડ ઉપર આવેલ મકાન માંથી તસ્કરોએ ૭૨ હજારની રોકડની ચોરી કરી

ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારના કબ્રસ્તાન રોડ નવા મદ્રેસાની સામે આવેલ મકાનના દરવાજાનું તાળું તોડી ઘર માંથી ૭૨ હજાર રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરના કબ્રસ્તાન રોડ ઉપર આવેલ નવા મદ્રેસાની સામે આવેલ શોએબ અહેમદ વાલીયાના મકાનને તસ્કરોએ દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાં મુકેલ ૭૨,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

હાલોલ અરાદ રોડ ઉપર મસ્જીદની સામે રહેતી અનુસુચિત જાતિની સગીરાને ભગાડી જઈ પિતાને મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

હાલોલ,

હાલોલના અરાદ ગામે રહેતી સગીર વયની દિકરીને લગ્નના ઈરાદે ભગાડી ગયેલ હોય અને ફોન કરીને તારી પુત્રી મારી પાસે છે. થાય તે કરી લે ફરિયાદ કરીશ તો તને અને મુંગી દિકરીને જાન થી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ અરાદ રોડ ઉપર મસ્જીદની સામે રહેતા ફરિયાદીની સગીર વયની દિકરીને તા.૧૩ મેના રોજ ચિરાગ વિજયભાઈ બારીયા તેના પિતાના વાલીપણા માંથી ભગાડી ગયેલ છે. સગીરા જે અનુસુચિત જાતિની હોય તેવું જાણતો હોવા છતાં લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હતા અને મોબાઈલ ફોન સગીરાના પિતાને ફોન કરીને તારી છોકરી મારી પાસે છે થાય તે કરી લે લેવા આવીશ અથવા ફરિયાદ કરીશ તો તને અને તારી મુંગી દિકરીને જાન થી મારી નાખવા પડશે તેવી ધમકી આપવામાં આવી હતી. આ બાબતે સગીરાના પિતાએ હાલોલ પોલીસ મથકે આરોપી ચિરાગ વિજયભાઈ બારીયા રહે. અરાદ રોડ, મસ્જીદ સામે મૂળ, નાની ઉભરવાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી.